Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

|| શ્રી ગણેશાય નમઃ ||

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

|| શ્રી ઉમિયાય નમઃ ||

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

* સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ * સંચાલન : શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ (મુંબઈ) * મુખપત્ર સમિતિ * તંત્રી : શ્રી છગનભાઈ નાનજી રામજીયાણી *

June 2026 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૬ • અંક ૨૮૯ ❐ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❐ Posting No. MNE / 258 / 2022-24 • તા. ૧૫/૦૬/૨૦૨૬ • પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

### પ્રગતિનો અનોખો સેતુ

આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ હમેશાં મહેનત, વેપાર-ઉદ્યોગ અને દાન-પુણ્યમાં મોખરે રહ્યો છે. વડવાઓએ રોપેલા આ સંસ્કારના વૃક્ષને વધુ ઘટાદાર બનાવવાની જવાબદારી હવે આપણી નવી પેઢી, એટલે કે આપણા યુવાધન પર છે. આજે જ્યારે આપણો યુવા વર્ગ ટેકનોલોજી ઉચ્ચ શિક્ષણ અને ગ્લોબલ કરિયર તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે ત્યારે તેમને 'જ્ઞાતિ સેવા'ના માધ્યમથી જ્ઞાતિ સાથે જોડાવા એ સમયની મોટી માંગ છે.

ઘણીવાર એવું માનવામાં આવે છે કે જ્ઞાતિ સેવા એ માત્ર નિવૃત્ત કે મોટી ઉંમરના લોકોનું કામ છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, યુવાનીના જોશ અને આધુનિક વિચારધારા વિના કોઈપણ જ્ઞાતિનો સર્વાંગી વિકાસ અશક્ય છે.

યુવા વયે સોશિયલ વર્ક સાથે જોડાવાથી માત્ર જ્ઞાતિનું જ ભલું નથી થતું. પરંતુ યુવાનોના પોતાના વ્યક્તિત્વનો પણ અદભુત વિકાસ થાય છે.

જ્ઞાતિના નાના-મોટા કાર્યક્રમોનું આયોજન કરવાથી યુવાનોમાં ટીમવર્ક, પ્રોબ્લેમ-સોલ્વિંગ અને

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ [મુંબઈ]

### સંચાલન - શ્રી પાટીદાર યુવા મંડળ મુંબઈ

### સરસ્વતી સન્માન ૨૦૨૬

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા દર વર્ષની જેમ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના સવારે ૧૦.૩૦ કલાક થી ઘાટકોપર વાડીમાં સરસ્વતી સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થી પોતાના રિઝલ્ટ ફરજીયાત પણે શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈની વેબસાઈટ અથવા android or iOS એપ્લીકેશન પર ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. રિઝલ્ટ અપલોડ કરવાની તા. ૨૧-૦૬-૨૦૨૬ થી તા. ૦૫-૦૭-૨૦૨૬ સુધી રહેશે. ત્યારબાદ ઓનલાઈન લિંક બંધ કરી દેવામાં આવશે. ચકાસણી કર્યા બાદ વેબસાઈટ અને એપ્લીકેશન પર તા. ૨૦-૦૭-૨૦૨૬ સુધી તમારા રીઝલ્ટની જાણકારી આપવામાં આવશે.

**સર્વે જ્ઞાતિજનોને વિનંતી કે સ્વતંત્ર દિવસ નિમિતે**
**સફેદ પારંપારિક ભારતીય પોશાકમાં કાર્યક્રમમાં પધારે.**

**સરસ્વતી સન્માન માટે ધોરણ પ્રમાણે યોગ્યતા નીચે જણાવવામાં આવેલ છે.**

| ધોરણ | ગુણાંક |
|---|---|
| ૧ થી ૪ | ૯૦% થી વધારે ગુણાંક મેળવનાર દરેકને |
| ૫ થી ૯ | ૮૦% થી વધારે ગુણાંક મેળવનાર દરેકને |
| SSC | ૭૦% થી વધારે ગુણાંક મેળવનાર દરેકને |
| FYJC, SYCJ | ૬૫% થી વધારે ગુણાંક મેળવનાર દરેકને |
| ડિપ્લોમા તેમજ ધોરણ ૧૩ અને તેનાથી ઉપરના અને વિવિધ ડિગ્રીના વિદ્યાર્થીઓ | પાસ થનાર દરેક વિદ્યાર્થીને |

**ખાસ નોંધ :-**

૧. સ્ટેજ પરથી ફક્ત હાજર રહેલા વિદ્યાર્થીઓને સન્માન આપવામાં આવશે. જે વિદ્યાર્થી બહારગામ હોય અને તેમણે પહેલેથી લેખિત જાણ કરેલ હશે, તે વિદ્યાર્થીના પરિવારને ઈનામ આપવામાં આવશે.

૨. જે વિદ્યાર્થીનું રિઝલ્ટ ઓનલાઈન ડિકલેર થયું હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીનું નામ કોલેજનું નામ, ઉત્તીર્ણ થયેલ વર્ષ વગેરે જેવી માર્કશીટમાં હોય તેવી વિગત વાળી ઓનલાઈન રિઝલ્ટની કોપી અપલોડ કરવાની રહેશે.

૩. એક થી નવ ધોરણ માટે ફક્ત વાર્ષિક પરીક્ષાના ગુણાંક ને ધ્યાનમાં લેવામાં આવશે અને નીચે લખેલા ગ્રેડ પ્રમાણે ટકા ગણવામાં આવશે.

અનુસંધાન પાના નં. ૨ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈ

મહિલા મંડળ મુંબઈની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૭ / ૮ / ૨૦૨૬ શુક્રવાર બપોરે ૨.૦૦ કલાકે ઘાટકોપર પાટીદાર વાડી ખાતે રાખવામાં આવેલ છે. સર્વે સનાતની બહેનોને ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે.

**પ્રમુખ : વર્ષાબેન નરેશ દિવાણી**

**મહામંત્રી : પુનમ નરેન્દ્ર રામજીયાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપરની આગામી AGM

એજન્ડા : ૧. ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી

૨. ઘાટકોપર યુવા મંડળના હિસાબ કિતાબની રજૂઆત અને બહાલી

૩. પ્રમુખ સ્થાનને રજૂઆત.

**તારીખ : ૨૭/૦૬/૨૦૨૬**
**સમય : સાંજે ૫.૦૦ કલાકે**
**સ્થળ : પાટીદાર વાડી ઘાટકોપર**

**પ્રમુખ : મયુર તુલસીદાસ સેંઘાણી**

**મહામંત્રી : હેનાલી પુનિત પારસીયા**

શ્રી ક.ક.પા. જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ.... પાના નં. ૪થી ચાલું...

*** મુંબઈમાં વસ્તા સર્વે જ્ઞાતિજનો વોટ્સપ મેસેજ અથવા ફોન દ્વારા નીચે જણાવેલ સંપર્કસુત્ર પાસે નામ નોંધાવી શકશે. ***

૧. મનસુખ પચાણ વાડિયા - 9320581380

૨. જીજ્ઞેશ રતિલાલ ઉકાણી - 9322280244

*** શ્રી ઉમિયા માતાજી મંદિર પાટોત્સવ - ૨૦૨૬ નિમિત્તે ગોયણી પૂજન ***

૧) શ્રી ઉમિયા માતાજી મંદિર પાટોત્સવના દિવસે દાતાશ્રીઓના શુભ હસ્તે ૧૦૮ ગોયણીનું પૂજન કરવામાં આવશે.

૨) પાટોત્સવના દિવસે જે ગોયણીઓ હાજર હશે તેને જ દાન/ભેટ આપવામાં આવશે.

૩) મુંબઈ વસ્તી ગોયણીઓને વહેલા તે પહેલાના ધોરણે નીચે જણાવેલ સંપર્કસૂત્ર પાસે પોતાના નામ નોંધાવવા વિનંતી.

૧. કુસુમ ઈશ્વર ભગત - 8097137039

૨. નેહા નવીન લીંબાણી - 9594256844

આ શુભ અવસરે શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈના સર્વે ટ્રસ્ટીઓ મુંબઈમાં વસ્તા કુળદેવી શ્રી ઉમિયા માતાજીના સર્વે ભક્તજનોને હાજર રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

**બપોરના મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

**લિ. શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ - મુંબઈ**

**ચેરમેન : શ્રી કાંતિલાલ નારણ સેંઘાણી**

**મેનેજિંગ ટ્રસ્ટ : શ્રી પ્રકાશ હરજી માવાણી**

શ્રી ક.ક.પા. જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ.... પાના નં. ૧થી ચાલું...

A1/A+ = 95 Mark, A2/A = 85+ Mark, B1/B+ = 75 Mark, B2/B = 65 Mark, C1/C = 55 Mark, C2/C = 45 Mark, D = 35 Mark.

૪. રિઝલ્ટ અપલોડ કરવામાં જો તકલીફ પડે તો નીચે આપેલ ફોન નં. પર સંપર્ક કરવો.

* કાર્તિક સેંઘાણી : 9987765051

* વૃતિક રામાણી : 7738627460

૫. તા. ૦૫-૦૭-૨૦૨૬ પછી કોઈનું રીઝલ્ટ આવે અથવા રિઝલ્ટમાં ગ્રેડ, ફેકલ્ટી વગેરે માર્કશીટને લગતા કોઈપણ પ્રશ્નો માટે નીચે આપેલ ફોન નં. પર સંપર્ક કરવો.

સંપર્ક સૂત્ર : (સાંજે ૬.૦૦ થી ૧૦.૦૦ સુધી)

* વૈશાલી છાભૈયા : 9869391123

* મમતા પોકાર : 9870757973

* રશ્મિ માવાણી : 9372423086

૬. સમય મર્યાદા ને ધ્યાનમાં રાખી સરસ્વતી સન્માનના કાર્યક્રમમાં શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ ફેરબદલ કરી શકશે.

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ**

**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા**

**મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

## સમૂહ લગ્ન આયોજન સમિતિ વસંત પંચમી - ૨૦૨૭

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ અને સમૂહ લગ્ન આયોજન સમિતિ વતીથી સર્વેને જણાવવાનું કે આજરોજ સુધી સમૂહ લગ્ન વસંત પંચમી ૨૦૨૭ માટે પાંચ યુગલ પરિવાર તરફથી નામો આવી ગયા છે અને સમૂહ લગ્ન માટે નામ લેવાના ચાલુ છે. સર્વ જ્ઞાતિજનો અને ખાસ યુવાનોને વિનંતી કે આપણા સમાજ દ્વારા આપણી સંસ્કૃતિ પ્રમાણે લગ્નવિધિથી સમૂહ લગ્નનું કાર્ય થાય છે. સાથે સમૂહ લગ્નમાં જોડાઈ આપણા સમાજના પરિવારોમાં બચત પણ થાય છે અને બિન જરૂરી ખર્ચ માંથી બચાવી આ બચત એમના પરિવારમાં આર્થિક અને વ્યાપારમાં ઉપયોગી કરી શકાય અને પરિવારને આર્થિક રીતે મજબૂત બને એવી ભાવનાથી આપણા વડીલોએ સમુહ લગ્નનું આયોજન કર્યું આ સમૂહ લગ્નમાં આપણા સમાજના યુવાઓ અને પરિવારો જોડાઈ એ જ ભાવના સાથે ટ્રસ્ટ મંડળ અને સમૂહ લગ્ન આયોજન સમિતિ તરફથી સમૂહ લગ્ન આયોજનમાં જોડાવા માટે હાર્દિક આમંત્રણ છે ધન્યવાદ.

નોંધ : ૩૧ ડિસેમ્બર સુધી નવ યુગલના નામ સમૂહ લગ્નમાં લેવામાં આવશે.

**તંત્રી સ્થાને થી.....**

પાના નં. ૧થી ચાલુ...

નેતૃત્વના ગુણો આપોઆપ ખીલે છે. જે તેમને તેમની પ્રોફેશનલ લાઈફમાં ખૂબ ઉપયોગી બને છે.

જ્ઞાતિના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ અને અનુભવી વડીલો સાથે સીધો સંપર્ક થવાથી યુવાનોને કેરિયર અને બિઝનેસ માટે નવું માગદર્શન અને તકો મળે છે.

આજની ભાગદોડવાળી જિંદગી અને ભણતર/નોકરીના સ્ટ્રેસ વચ્ચે, કોઈ જરૂરિયાતમંદને મદદ કરવાથી જે આત્મિક શાંતિ અને ખુશી મળે છે, તો કોઈ ગેજેટ્સ કે સોશિયલ મીડિયા આપી શકતા નથી.

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જવું હોય કે મોટી મલ્ટીનેશનલ કંપનીઓમાં નોકરી મેળવવી હોય - આજે દરેક જગ્યાએ સોશિયલ વર્ક અને વોલન્ટિયરિંગના અનુભવને વિશેષ મહત્વ આપવામાં આવે છે.

આપણી આ પત્રિકા અને આપણા યુવા મંડળ યુવાનોની શક્તિને યોગ્ય દિશા આપવા માટે કટિબદ્ધ છે. જ્ઞાતિના સેવાના આ યજ્ઞમાં જોડાનાર યુવાનો માટે આપણે નીચે મુજબની વિશેષ તકો અને પ્રોત્સાહન આપી શકીએ.

જ્ઞાતિ સેવા, બ્લડ ડોનેશન, શિક્ષણ કે પર્યાવરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરનાર આપણા સમાજના યુવાનોની પ્રેરણાત્મક કહાનીઓ દર મહિને પત્રિકામાં મફત પ્રકાશિત કરવામાં આવશે.

જે યુવાનો જ્ઞાતિ સેવાના પ્રોજેક્ટ્સ (જેવા કે ડિજિટલ સાક્ષરતા, કરિયર ગાઈડન્સ સેમિનાર) શરૂ કરવા માંગે છે, તેમને જ્ઞાતિના વરિષ્ઠ ઉદ્યોગપતિઓ અને નિષ્ણાતો દ્વારા ફંડિંગ અને માર્ગદર્શન પૂરૂ પાડવામાં મદદરૂપ બની શકે.

જ્ઞાતિમાં સક્રિય યોગદાન આપનારા શ્રેષ્ઠ યુવા વોલન્ટિયર્સને આપણા વાર્ષિક સ્નેહમિલન સમારોહમાં વિશેષ એવોર્ડ અને સર્ટિફિકેટ આપી સન્માન આપી શકાય.

આવો, આપણે સૌ વડીલો આપણા ઘરના સંતાનોને જ્ઞાતિના કાર્યોમાં સાથે લાવવાનું શરૂ કરીએ. અને યુવા મિત્રોને એટલું જ કહેવાનું કે - ''જ્ઞાતિએ આપણને ઘણું આપ્યું છે, હવે સમય છે આપણી શક્તિનો એક અંશ જ્ઞાતિના ઉત્થાન માટે આપવાનો.''

આપના વિચારો, સૂચનો અને લેખો 'મુંબઈ પાટીદાર પ્રગતિ' પરિવાર સાથે જરૂર શેર કરશો એવી અભિલાષા સહઃ.

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી - તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી - સહતંત્રી**
**કુસુમબેન જયભાઈ રામજીયાણી - સહતંત્રી**




**શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત**
**શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત**
**સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર**
**શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ**

OJJAS

### લૂ લાગવી (હીટ સ્ટ્રોક)
### (દવા વગર કુદરતી ઉપચાર)

- ગ્લોબલ વોર્મિંગ ના લીધે વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે તેથી તીવ્ર ગરમી આપણા શરીરને ઘણું નુકસાન પહોંચાડી શકે છે અને જો આપણે પોતાની જાતની યોગ્ય કાળજી ન લઈએ તો આપણને ગરમી સંબંધિત ઘણી બિમારીઓ થઈ શકે છે.
- લૂ લાગવાના મુખ્ય કારણો - તડકામાં લાંબા સમય સુધી રહેવું , શરીરમાં પાણીની ઉણપ, વધારે ગરમી અને ભેજ,ખાલી પેટે બહાર જવું,ભારે કપડાં પહેરવા,સામાન્ય રીતે શરીર પસીના દ્વારા ઠંડુ રહે છે પણ લૂ માં પસીનો બંધ થઈ જાય છે તેથી શરીરનું તાપમાન ઝડપથી વધી જાય છે અને તેની મગજ પર અસર થાય છે.
- લક્ષણો - તાવ જેવી ગરમી (40°C સુધી) , ચક્કર આવવું ,માથું દુખવું ,ઉલટી,શરીર સુકાઈ જવું ,થાક અને બેભાન થવાની શક્યતા.
- આ અંક માં આપણે દવા વગર આ બીજ પદ્ધતિ દ્વારા પોઈંટ જોઈશું




હાથ ના અંગૂઠામાં પોઈન્ટસને શોધો ત્યારબાદ આ પોઈન્ટસને પ્રોબ દ્વારા મસાજ કરી પોઈન્ટસને સક્રિય કરી , બ્લુ કલર કરો.(ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)




આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઈંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે. તેથી ચિત્ર માં બતાડેલા પોઈંટ ને એક્ટિવ કરી બંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો.( Gv 26,K 1)

**વિશેષ** : આની માટે વોટર રીચાર્જ જે સૂક્ષ્મ પધ્ધતિ છે અને બહુ અસરકારક છે
હે ગણેશ ગુરુ ,
- મારા મુલાધર ની ગરમી શાંત થાવ. હિમાલય ની શીતળ પ્રાણ ની શીતળ વર્ષા મારા મુલાધાર માં સ્થિર થાવ.
- મારા શરીરના હર એક કોષો પ્રાણમય બનો (૩)

હરિઓમતત્સત્

**નોંધ** - સુજોક પદ્ધતિ વિષે વિગતવાર સમજ આપતી એક બુક ઉપલબ્ધ છે, જેમાં મૂળભૂત તેમજ પ્રેક્ટિકલ પોઈન્ટ્સ આપવામાં આવ્યા છે. આ બુકના અભ્યાસથી અનેક લોકોએ આરોગ્યલાભ અનુભવ્યો છે.આજે જ મેળવો અને સ્વસ્થ જીવન તરફ પગલું ભરો.

**સંપર્ક** : રીટા રૂડાણી -8779417199 શ્રુતિ સેંઘાણી – 9137868465
Email id – ojjastherapy11@gmail.com

## S.S.C. માં 82%



## ચિ. વીર સેંઘાણી

**ઘાટકોપર (મુંબઈ) (M.S.) : અત્રેની શ્રી વિરાજ ગ્રુપ વાળા અને "પાટીદાર સંદેશ" મહારાષ્ટ્ર ઝોનના સુપ્રીમો શ્રી રામજીભાઈ પ્રેમજીભાઈ સેંઘાણીના ભાઈ શ્રી તુલસીદાસ પ્રેમજીભાઈ સેંઘાણી તથા શ્રીમતી કસ્તુરબેન (કચ્છમાં કોટડા-ચ.)ના પૌત્ર અને શ્રી જીગ્નેશભાઈ તથા શ્રીમતી કિંજલબેનના સુપુત્ર ચિ. વીર એ S.S.C.માં 82.40% મેળવી સેંઘાણી પરિવાર તથા ઘાટકોપર પાટીદાર સમાજનું ગૌરવ વધારેલ છે. (અભિનંદન... – તંત્રીઓ)**

**Mob.: 98673 81381**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ એવમ હરિઓમ પરિવાર સદગુરૂ શ્રી વાલરામ મહારાજની પુણ્યતિથિ નિમિત્તે સંધ્યાપાઠ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા જ્ઞાતિમાં કુળદેવી ઉમિયા માતાજી અને ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની સનાતન જ્યોત પ્રજ્વલિત કરનાર સદગુરૂ શ્રી ઓધવરામ મહારાજના શિષ્ટ સદગુરૂ શ્રી વાલરામ મહારાજની પુણ્યતિથિ નિમિત્તે પરમ પૂજ્ય ગુરૂ શ્રી હરિદાસજી મહારાજના સાનિધ્યમાં ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા આયોજિત એવમ હરિઓમ પરિવાર ભક્તજનો અને ઉમિયા મહિલા મંડળના સહયોગ સાથે સંધ્યાપાઠ, ભજન અને સંતવાણીનું આયોજન રાખેલ છે.

**તારીખ : ૧૨/૦૭/૨૦૨૬ ને રવિવારે**

સમય બપોરે ૩.૩૦ કલાકે ભજનની શુભ શરૂવાત

| | |
|---|---|
| સાંજે ૪.૩૦ કલાકે | સંધ્યા પાઠ |
| સાંજે ૫.૩૦ કલાકે | પરમ પૂજ્ય ગુરૂ શ્રી હરિદાસજી મહારાજ દ્વારા આશીર્વાદ |
| સાંજે ૬.૩૦ કલાકે | ભજન તથા ઓધવ રાસ અને |
| રાત્રે ૮.૦૦ કલાકે | ઓધવ મહાપ્રસાદ |

**સ્થળ : પાટીદાર વાડી ઘાટકોપર મુંબઈ**

સર્વ ભક્તોને જણાવતા આનંદ થાય છે કે સંધ્યાપાઠમાં પરમ પૂજ્ય ગુરૂ શ્રી હરિદાસજી મહરાજ હાજર રહેવાના છે. જેમાં સર્વ જ્ઞાતિજનો ભક્તો સભ્યોને સંધ્યાપાઠમાં હાર્દિક નિમંત્રણ છે તેમજ આપણી આસપાસ રહેતા જ્ઞાતિજનો ભક્તોને જાણ કરવા વિનંતી. હરિ ૐ

**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ**
**ચેરમેન : શ્રી કાંતિલાલ નારાયણ સેંઘાણી**
**મેનેજિંગ ટ્રસ્ટી : શ્રી પ્રકાશ હરજી માવાણી**

## મુંબઈ પાટીદાર પ્રગતિ (યોગ)

**૨૧ જુન ૨૦૨૬ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ**

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ પ્રેરિત અને ત્રણે (ઘાટકોપર, બોરીવલી, ડોંબીવલી) પાટીદાર વાડી યોગ એવમ યજ્ઞ સાધના કેન્દ્ર સંચાલિત - યોગ વર્ગ દ્વારા ૨૧ જુન ૨૦૨૬ના ૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવામાં આવશે.

આવો સાથે મળી યોગ દિવસને યાદગાર બનાવીએ, આપણી યોગ સંસ્કૃતિને ઘર ઘર પહોચાડી ને આ યોગ દિવસને જન આંદોલન બનાવીએ.

યોગ કરીને આપણે શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક ક્ષમતા ને વધારીએ.

**"કરો યોગ રહો નિરોગ"**
**૨૧ જુન ૨૦૨૬ રવિવાર**
**સમય : સવારના ૬.૩૦ થી ૮.૦૦**
**સ્થળ : પાટીદાર વાડી ઘાટકોપર**

| | | |
|---|---|---|
| સંપર્ક :- ઘાટકોપર : | ઈશ્વરભાઈ રામજીયાણી | મો.: 9987193331 |
| | તુલસીભાઈ રામજીયાણી | મો.: 9324024343 |
| ડોંબીવલી : | રતિલાલ હંસરાજ ઉકાણી | મો.: 9820727339 |
| બોરીવલી : | તરલ છાભૈયા | મો.: 9167471895 |

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ આયોજીત શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલી સહયોગી "શ્રી ઉમિયા માતાજી મંદિર પાટોત્સવ - ૨૦૨૬"

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ દ્વારા પાટીદાર ભવન ડોંબીવલીના પટાંગણમાં આવેલ શ્રી ઉમિયા માતાજી મંદિરનો પાટોત્સવ-૨૦૨૬ ધામધૂમ થી ઉજવવાનું નક્કી કરેલ છે. સર્વે ભક્તોને ઉમિયા માતાજી મંદિર પાટોત્સવમાં હાર્દિક આમંત્રણ છે.

*** કાર્યક્રમની રૂપરેખા ***
**તારીખ ૨૬/૦૭/૨૦૨૬ ને રવિવાર**
**સમય : સવારે ૭.૦૦ વાગ્યાથી શરૂવાત**
**સ્થળ : પાટીદાર ભવન - ડોંબીવલી**

**ઉપરોક્ત કાર્યક્રમમાં વિવિધ દાતાશ્રીઓ લેવાનું નક્કી કરેલ છે જેની વિગતવાર માહિતી નીચે પ્રમાણે છે.**

| | |
|---|---|
| ૧. ચરણાભીષેક (ઉમિયા માતાજી, ગણપતિ દાદા, હનુમાન દાદા | રૂા. ૧૧,૦૦૦/- |
| ૨. શ્રી ઉમિયા માતાજી શણગાર | રૂા. ૧૫,૦૦૦/- |
| ૩. શ્રી ગણપતિદાદા શણગાર | રૂા. ૧૧,૦૦૦/- |
| ૪. શ્રી હનુમાનદાદા શણગાર | રૂા. ૧૧,૦૦૦/- |
| ૫. નુતન ધ્વજારોહણ | રૂા. ૫૧,૦૦૦/- |
| ૬. મહા આરતી | રૂા. ૫૧,૦૦૦/- |
| ૭. મહાપ્રદાસ (ભગવાનને ભોગ ધરાવવાના) | રૂા. ૩૧,૦૦૦/- |
| ૮. હવન જોડી નં. ૧ | રૂા. ૧૧,૦૦૦/- |
| ૯. હવન જોડી નં. ૨ | રૂા. ૧૧,૦૦૦/- |
| ૧૦.હવન જોડી નં. ૩ | રૂા. ૧૧,૦૦૦/- |
| ૧૧.ગોયણી પૂજનના મુખ્ય દાતાશ્રી | રૂા. ૧૧,૦૦૦/- |
| ૧૨.સુકી પ્રસાદી | રૂા. ૧૧,૦૦૦/- |
| ૧૩.પાણીના દાતાશ્રી | રૂા. ૧૧,૦૦૦/- |
| ૧૪.સાઉન્ડ સીસ્ટમના દાતાશ્રી | રૂા. ૧૧,૦૦૦/- |
| ૧૫.ચાય-કોફીના દાતાશ્રી | રૂા. ૧૧,૦૦૦/- |
| ૧૬.ફોટોગ્રાફીના દાતાશ્રી | રૂા. ૧૧,૦૦૦/- |
| ૧૭.મંડપના દાતાશ્રી | રૂા. ૧૧,૦૦૦/- |
| ૧૮.મંદિર શણગારના દાતાશ્રી | રૂા. ૧૧,૦૦૦/- |
| ૧૯.દિવલ (ઘી)ના દાતાશ્રી | રૂા. ૧૧,૦૦૦/- |
| ૨૦.ગોયણી પૂજનના સહયોગી દાતાશ્રી | રૂા. ૫,૧૦૦/- (સંખ્યા અમર્યાદિત) |
| ૨૧.ભોજનના સહયોગી દાતાશ્રી | રૂા. ૫,૧૦૦/- (સંખ્યા અમર્યાદિત) |

**નોંધ : ગોયણી પૂજન તેમજ ભોજનના સહયોગી દાતાશ્રી તરીકે રૂા. ૫,૧૦૦/- થી ઉપર દાન દેનાર સર્વે સન્માનીય દાતાશ્રીઓના નામ બેનરમાં પ્રકાશિત કરવામાં આવશે.**

અનુસંધાન પાના નં. ૨ પર...